અપીલ અરજી નં.૨૫૯ તા .૧૩–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ
સામાવાળાઃ– પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા.૬–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ગં.સ્વ.ભાણીબેન ભીખીબેનની રહેમ–રાહે કર્મચારીના આશ્રિત તરીકેની તેમજ સ્પેસીયલ કેસ તરીકે વર્ગ–૪માં નોકરી મેળવવા સુરત મહાનગરપાલિકાના મેયરશ્રીને કરેલ અરજી તેમજ સુરત મહાનગરપાલિકામા કમિશ્નરશ્રીને કરેલ અરજી તા. ૨૮–૩–૧૧ના રોજે અને કામ મંજુર કરવા સ્થાયી સમિતિ સમક્ષ મુકવામાં આવેલ તા. ૭–૪–૧૧કામ નં. ૨૪ જે કામનો હમો અરજદારને કોઈ પ્રકારનો જવાબ આજદિન સુધી આપવામાં આવેલ નથી તેમજ હમો અપીલની ફાઈલમાં આરટીઆઈ ધ્વારા મેળવેલ ઠરાવ નં. ૧૦૧/૯૯ હેઠળનું નિયમ ભંગ કરી તેમજ પેન્શન પાત્ર હોય કર્મચારી તો તેના આશ્રિતને ઉંમરનો બાંધ રહેતો નથી અને "૩૦" વર્ષથી મોટી ઉંમરના પણ ૪ કર્મચારીના આશ્રિતને લેવામાં આવેલ છે તેમજ આશ્રિત તરીકે નોકરીમાં આપને નડતા પ્રશ્નના ઉકેલ માહિતી આરટીઆઈની માહિતી પણ તા.૨૮–૩–૧૧ ના રોજ ફાઈલમાં હોવા છતાં અટકાવવામાં આવેલ મારી ફાઈલ જેની માહિતીની નકલ સહી સિકકા સહિતની માહિતી આપવી. વિ.માહિતી મુદ્દા નં. (૧) થી (૨) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૫૯/ ૨૦૧૧–૧૨

શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા.૬–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ગં.સ્વ.ભાણીબેન ભીખીબેનની રહેમ–રાહે કર્મચારીના આશ્રિત તરીકેની તેમજ સ્પેસીયલ કેસ તરીકે વર્ગ–૪માં નોકરી મેળવવા સુરત મહાનગરપાલિકાના મેયરશ્રીને કરેલ અરજી તેમજ સુરત મહાનગરપાલિકામા કમિશ્નરશ્રીને કરેલ અરજી તા. ૨૮–૩–૧૧ના રોજે અને કામ મંજુર કરવા સ્થાયી સમિતિ સમક્ષ મુકવામાં આવેલ તા. ૭–૪–૧૧કામ નં. ૨૪ જે કામનો હમો અરજદારને કોઈ પ્રકારનો જવાબ આજદિન સુધી આપવામાં આવેલ નથી તેમજ હમો અપીલની ફાઈલમાં આરટીઆઈ ધ્વારા મેળવેલ ઠરાવ નં. ૧૦૧ /૯૯ હેઠળનું નિયમ ભંગ કરી તેમજ પેન્શન પાત્ર હોય કર્મચારી તો તેના આશ્રિતને ઉંમરનો બાંધ રહેતો નથી અને "૩૦" વર્ષથી મોટી ઉંમરના પણ ૪ કર્મચારીના આશ્રિતને લેવામાં આવેલ છેતેમજ આશ્રિત તરીકે નોકરીમાં આપને નડતા પ્રશ્નના ઉકેલ માહિતી આરટીઆઈની માહિતી પણ તા.૨૮–૩–૧૧ ના રોજ ફાઈલમાં હોવા છતાં અટકાવવામાં આવેલ મારી ફાઈલ જેની માહિતીની નકલ સહી સિકકા સહિતની માહિતી આપવી વિ.મુદ્દા નં. (૧) થી (૨) ની માહિતી આપવા બાબતે પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ વિભાગ))ના પત્ર નં. જીએડી/ ઈએસટી / ૧૮૪૮ તા. ૩૦–૮–૧૧થી મળેલ માહિતી અપુરતી અને અસંતોષકારક હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૩– ૯–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા **તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા કેસ બાબતે છેલ્લી દફતરી હકીકત જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/ ૮૨૨ તા.૨૬–૯–૧૧ થી પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને તા. ૨૮–૩–૧૧ની કાર્યવાહી કરવાની અરજી સાથે તા. ૬–૮–૧૧ની અરજીથી પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ) કક્ષાએથી માહિતી આપ્યા બાદ શું નારાજગી છે ? વિશેષતઃ માહિતી મેળવવા પુરતું તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક નં.જીએડી/ઈએસટી/૨૨૩૪ તા.૩૦–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૭૭૭ તા.૯–૮–૧૧ થી આસી. સેક્રેટરી (સેક્રેટરીબ્રાંચ) પર્સોનલ ઓફિસર અને આરોગ્ય મહેકમને તબદીલ કરેલ પત્રની નકલ, આરોગ્ય વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/ ૧૫ તા.૧૬–૮–૧૧ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને માહિતી મેળવવા નાણા ભરવા અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૧૮૪૮ તા.૩૦–૮–૧૧ ના પત્રની નકલ, માહિતીના નાણા ભર્યા અંગેની રસીદ નં.૧૪૨૨૫ તા.૫–૯–૧૧ ની પહોંચની નકલ, આસી.સેક્રેટરીએ અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/સ્થા.સ./આ.નં.૨૦ તા.૨૩–૮–૧૧ ના પત્રની નકલ, મ્યુ. કમિ.શ્રી એ તા.૧–૪–૧૧ ના રોજ સ્થા.સ.ને કરેલ દરખાસ્તની નકલ, સ્થા.સ.ના ઠ. નં.૧૦૧/૯૯ તા.૨૨–૧–૯૯ મુજબ અનફીટ થયેલ કર્મચારીઓને આશ્રિતને નોકરીમાં સમાવાયા નથી તેની માહિતી દર્શાવતું પત્રક અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧–૧૦–૧૧ થી પુનઃ અપીલ ની નકલ, મ્યુ. સભ્ય વિજય શિવશકિતવાળાના તા.૨૮–૩–૧૧ નો ભલામણ પત્ર, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, માહિતી અંગે જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)એ નાણા ભરવા પાઠવેલ પત્રની નકલ તથા તેના નાણા ભર્યાની રસીદની નકલ, આસી. સેક્રેટરીએ આપેલ માહિતી અંગેના પત્રની નકલ, આરોગ્ય વિભાગ તરફથી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ થયેલ પત્રની નકલ, અપીલ

નં.૧૬૨/૧૦–૧૧ તા.૧૩–૮–૧૦ ના હુકમ નં.આરટીઆઈ સેલ/૭૨૦ તા.૧૮–૯–૧૦ ના પત્રની નકલ, આરોગ્ય અધિકારીએ અરજદારની તા.૨૯–૧–૧૧ ની અરજી અંગે આપેલ માહિતીના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૫૨ તા.૮–૩–૧૧ ના પત્રની નકલ, મર્હમ /અનફીટ થયેલ વર્ગ–૪ ના ૩૦ વર્ષથી મોટી ઉંમરના આશ્રિતને સને ૧૯૯૯ થી તા.૨૪–૧૧–૦૩ સુધીમાં આરોગ્ય ખાતા હસ્તક આપવામાં આવેલ નિમણુંક દર્શાવતી પત્રકની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૬–૮–૧૧ ની અરજીથી ગં.સ્વ.ભાણીબેન ભીખીબેનની રહેમ–રાહે કર્મચારીના આશ્રિત તરીકેની તેમજ સ્પેસીયલ કેસ તરીકે વર્ગ–૪માં નોકરી મેળવવા બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેક્રેટરીબ્રાંચને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન સીવીક સેન્ટર ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૭૭૭ તા.૯–૮–૧૧ થી નિયત સમય અવધિમાં આસી. સેક્રેટરી (સેક્રેટરીબ્રાચ) પર્સોનલ ઓફિસર અને આરોગ્ય મહેકમને તબદીલ કરવામાં આવેલ. આરોગ્ય વિભાગ તરફથી . જેમાં મજકુર અરજદારની અરજીના અંતમાં દર્શાવેલ નં.પીએચડી/પીઓ/૮૯૭ ડીટ૮૪૮૯ પીઓ (પીએચડી) " તે ભાણીબેન ભીખીબેન ધ્વારા તા.૨૩–૧૨–૧૦ ના રોજ રહેમરાહે તેઓના આશ્રિતને નોકરી આપવા બાબતેની કરેલ અરજી મધ્યસ્થ મહેકમ કચેરીમાં ડી.૮૪૮૯ તા.૧૦–૧૨–૧૦ થી નોંધાયેલ અને ત્યાંથી પીઓ એચડીને અરજી ફોરવર્ડ થયેલ હતી પરંતુ તે અરજી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાતી હોવાથી આરોગ્ય મહેકમ તરફથી મધ્યસ્થ મહેકમ વિભાગને પીએચડી/પીઓ/૮૯૭ તા.૧૫–૧૨–૧૦ થી મોકલેલ. તે સંદર્ભે માહિતી મધ્યસ્થ મહેકમને અરજદારને પૂરી પાડવાની રહે. જે પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/૧૫ તા.૧૬–૮–૧૧ થી નિયત સમય અવધિ બાદ પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી / ૧૮૪૮ તા.૩૦–૮–૧૧ થી માહિતીના દસ્તાવેજ ફી પેટે રૂા.૧૦/– જમા કરાવી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોન ખાતે રસીદ નં.૧૪૨૨૫ તા.૫–૯–૧૧ થી રૂા.૧૦/– ભરપાઈ કરી નકલ નંગ–૫ તા.૫–૯–૧૧ ના રોજ સ્વીકાર્યાની સહી કરેલ છે. (૧) જે અંગે અરજદારે માંગેલ માહિતી અપૂરતી અને અસંતોષકારક હોવાનું જણાવી તા.૧૩–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. (૨) અરજદારે તા.૨૮–૩–૧૧ ના રોજ કરેલી અરજી બાબતે કોઈ પણ પ્રકારનો પ્રત્યુત્તર મળેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર તેમજ અન્ય આશ્રિતો, જેમને સા.સ.ઠ. નં.૧૦૧/૯૯ તા.૨૨–૧–૯૯ મુજબ અનફીટ થયેલ કર્મચારીના આશ્રિતોને નોકરીમાં સમાવાયા નથી તેઓને વર્ગ–૪માં ખાસ કિસ્સામાં સમાવવા બાબતે યોગ્ય તે ઘટિત નિર્ણય લેવા અંગેની દરખાસ્ત નં.સી.સ્થા.સ./૧૦ તા.૧–૪–૧૧ ની નકલ અરજદારને ૫–૯–૧૧ ના રોજ પૂરી પાડેલ છે. તેમાં અરજદારની તા.૨૮–૩–૧૧ ની અરજીનો સમાવેશ થઈ જાય છે. ઉપરાંત વર્ષ ૨૦૦૩ માં કે ત્યાર બાદ સ્વૈ. નિવૃત /અનફીટના કિસ્સામાં આશ્રિતને નોકરીમાં સમાવવા બાબતના મા.મ્યુ. કમિ.શ્રીની તા.૧૦–૧–૦૫ થી મંજુરી મેળવવામાં આવેલી તેની નકલ પણ અરજદારને તા.૫–૯–૧૧ થી પૂરી પાડવામાં આવેલી છે. આમ મહેકમ વિભાગને લાગત માહિતી અરજદારને તા.૫–૯–૧૧ ના રોજ પૂરી પાડેલી છે. (૩) જેમાં અરજદારે સ્થા.સ.માં ૨૮–૪–૧૧ ના રોજ કામ નં.૩૦ ઠરાવ નં.૪૬૩ થી મુલત્વી રાખેલ તેના કારણ સહિત સ્પષ્ટ માહિતી માંગેલ છે જે અંગે અત્રેથી સબંધકર્તા અપીલ અધિકારીને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૭૯૬ તા.૧૭–૯–૧૧ થી નિયત સમય અવધિમાં અપીલ અધિકારી સેક્રેટરીને તબદીલ કરવામાં આવેલ છે. (૪) જેમાં અરજદારે ૩૦ વર્ષથી વધુ ઉંમરના માણસોને ૨૦૦૩ પછી પણ લેવામાં આવેલ છે જે અંગે સ્થા. સ. ના નિયમનો ભંગ કરેલ છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગેની માહિતી અરજદારને પીએચડી/ડીપીઓ/આરટીઆઈ/૫૨ તા.૮–૩–૧૧ થી તેમની તા.૨૯–૧–૧૧ ની અરજી બાબતે માંગેલ માહિતીમાં આપવામાં આવેલ છે. અરજદારે તા.૬–૮–૧૧ ની અરજી આઈ ડી નં.૬૩૨ ધ્વારા માંગવામાં આવેલ માહિતી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગેની માહિતી નહીં મળ્યા બાબતે કરેલી રજૂઆત અંગે અરજદારને તા.૫–૯–૧૧ ના રોજ માહિતી પૂરી પાડયાનું પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમે પૂરક વિગતોમાં અપીલ તબકકે જણાવેલ છે જે મેળવ્યા સબબ અરજદાર પક્ષે સહી પણ કરવામાં આવેલ જણાય છે.

અરજદારે પૂરક વિગતોમાં તેમની તા.૧–૧૦–૧૧ થી પુનઃ અપીલ કરી તેમની તા.૨૮–૩–૧૧ ની અરજી સાથે માહિતીનો સુમેળ નથી જેમાં અરજદારે બે વખત કામ મુલત્વી રાખ્યાની તેમજ મોટી ઉંમર ખોટું કારણ જણાવવાની રજૂઆત કરેલ છે. આમ અરજદારની મોટી ઉંમરના કારણે નોકરીમાં નહીં સમાવવા તેમજ સ્થા.સ.માં કામ મુલત્વી રાખવા બાબતે તકરાર નિવારણને લગતી તથા વહીવટી પ્રક્રિયા સુધારાને લગતા સૂચનો બાબતેની રજૂઆત છે. અરજદારની રજૂઆત તે ૨૦ વર્ષની સેવાપાત્ર નોકરી માટે ૩૦ વર્ષની સમય મર્યાદા લાગુ પડશે નહીં તેવો ઠરાવ નં.૧૦૧ / ૯૯ માં ઉલ્લેખ નથી. વધુમાં કામ મુલત્વી રહેવા બાબતે સેક્રેટરી વિભાગના પ્રશ્ન બાબતે અપીલ અધિકારી સેક્રેટરીને તેટલા પ્રશ્ન બાબતે અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારે ૩૦ વર્ષથી વધુ ઉંમરના માણસોને ૨૦૦૩ પછી પણ લેવામાં આવેલ છે જે અંગે સ્થા. સ. ના નિયમનો ભંગ કરેલ છે તેવી રજૂઆત કરેલ છે.તેવી તકરાર નિવારણને લગતી રજૂઆત કરેલ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે જાહેર માહિતી અધિકારી આરોગ્ય કક્ષાએથી તા.૮–૩–૧૧ ના રોજ અરજદારને આનુષાંગિક માહિતી આપ્યાની અરજદારે સ્વયં નકલ રજૂ કરેલ છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૮–૧૧ અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી નોંધ સહિત માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો તેમની તકરાર નિવારણને લગતી બાબત તથા તથા વહીવટ પ્રક્રિયા સુધારાલક્ષી સૂચનો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સોલંકી ધનસુખલાલ કનૈયાલાલ